

## શ્રાવણ માસના છેલ્લા સોમવારે શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ

શ્રાવણ માસના છેલ્લા સોમવારના રોજ ખેડબ્રહ્માના નિલકંઠ મહાદેવ, સોમનાથ મહાદેવ, પક્ષેન્દ્રનાથ, કાશી વિશ્વનાથ, ભૃગુઋષિ અને મટોડા મોટનેશ્વર સહિતના તાલુકાના શિવાલયોમાં છેલ્લા સોમવારે ભક્તોનું કીડીયારૂ ઉભરાયું હતું. શિવાલયોને ફૂલ બીલીથી શણગારી દેવામાં આવ્યા હતા. સોમવારના કારણે ભક્તોની સવારથી જ શિવાલયોમાં ભીડ જામી હતી. પૌરાણીક કુદરતી વાતાવરણવાળા રામેશ્વર મહાદેવમાં ભક્તોની ભીડ જામી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ભિલોડા તાલુકાના આડાહાથરોલ ગામમાં શંકાસ્પદ ડેન્ગ્યૂના ચાર કેસ : પ્રજાજનો ચિંતીત

ભિલોડા, તા. ૨

ભિલોડા તાલુકાના આડાહાથરોલ ગામમાં ચાર ડેન્ગ્યૂના કેસ જોવા મળતા પ્રજાજનો ચિંતીત બન્યા છે. આડાહાથરોલ ગામના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ રોગચાળાનું પ્રમાણ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો સાથે-સાથે ચાર કેસ શંકાસ્પદ ડેન્ગ્યૂના જોવા મળતાં પ્રજાજનોમાં ચિંતાનું મોઝુ ફરી વળ્યું છે. આરોગ્ય વિભાગના અધિકારીઓની બેદરકારીના કારણે આડાહાથરોલ ગામમા જંતુનાશક તેમજ મચ્છરો દુર કરવા માટેની દવા છંટકાવવાની કામગીરી આજદિન સુધી કરાઈ નથી. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ધ્વારા યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી ઉઠવા પામી છે. આડાહાથરોલ ગામમાં વાયરલ ફીવરના લીધે અનેક લોકો બિમારીમાં સપડાયા છે. ઝાડા, ઉલટી, તાવ, શરદી, ખાંસીના કેસો દિન-પ્રતિદિન વધતા હોવાનું જાણવા મળેલ છે. આડાહાથરોલ ગામમાં વહીવટી તંત્રની બેદરાકરીના કારણે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. આડાહાથરોલ ગામમાં સરકારી દવાખાનું હોવા છતાં મોટાભાગે બંધ રહે છે ત્યારે દવાખાનાના દરવાજા ઉપર ખંભાતી તાળું લટકતું જોવા મળતું હોવાનું લોકમુખે ચર્ચાય છે. આડાહાથરોલ ગામના ચાર લોકો શંકાસ્પદ ડેન્ગ્યૂના સકંજામાં સપડાયા છે. (૧) જયેન્દ્રસિંહ રાઠોડ આશરે ઉંમર વર્ષ-૧૪ (૨) પાયલબેન જાડેજા આશરે ઉંમર વર્ષ-૯ (૩) ઈન્દ્રવિજયસિંહ રાઠોડ આશરે ઉંમર વર્ષ-૧૧ (૪) રમેશકુમાર નિનામા આશરે ઉંમર વર્ષ-૯ આ ચારેય બાળકોને હિંમતનગર પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ સારવાર દરમ્યાન તેમની તબીયત સારી હોવાનું જાણવા મળેલ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દિન-પ્રતિદિન ડેન્ગ્યૂના કેસોમાં વધારો જોવા મળતાં અને અમુક લોકો ડેન્ગ્યૂની બિમારીમાં સપડાયા બાદ કરૂણ મોત નિપજતાં પ્રજાજનો ભયભીત બન્યા છે. આરોગ્ય વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા પ્રજાજનોની યોગ્ય તપાસ કરી ન્યાયિક રીતે પગલાં ભરવામાં આવે તેમજ મચ્છર નાશક દવાઓનો છંટકાવ કરવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

## ટ્રિનિટા એજ્યુકેશનલ કેમ્પસમાં જન્માષ્ટમી મટકી ફોડ ઉજવાયો

તલોદ, તા. ૨

ટ્રિનિટી સ્કુલ તલોદમાં જન્માષ્ટમી મટકી ફોડના ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ રંગીન વસ્ત્રોમાં સજ્જ થયા હતા. કૃષ્ણ જીવનની વાતો અલ્પેશભાઈ પટેલે વર્ણવી હતી. શાળાના ટ્રસ્ટી આર.એલ. પટેલ, ડૉ. વસંતભાઈ, આચાર્ય કિરીટભાઈ, શૈલેષભાઈ ઉપસ્થિત રહ્યા હતા. ગરબા ઉત્સવ ઉજવાયો હતો.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



પ્રાંતિજ તાલુકાના એપ્રોચ માર્ગ પર માધવડેપો પાસે આવેલા લીમડાના ઝાડ પર વગર સિઝને મોર આવતા કુદરતી આ કરામતથી લોકોમાં કુતુહૂલતા સર્જાઈ છે અને મોર ઉતારી તેને ચાખી પણ રહ્યા છે.

## ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટ દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૨

ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટ દ્વારા સારસા સતકેવલ આઈ હોસ્પિટલના સહયોગથી તાજેતરમાં જે.એસ. મહેતા હાઈસ્કૂલના સાંસ્કૃતિક હોલમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ નેત્ર નિદાન કેમ્પમાં સારસા આઈ હોસ્પિટલના ૨૫થી વધારે તબીબો અને તેમના સ્ટાફે હાજર રહી ૨૫૦ જેટલા દર્દીઓની આંખનું નિદાન કરવામાં આવ્યું હતું. જયારે ૮૪ દર્દીઓને મોતિયાનું નિદાન થતા તેમને ટ્રસ્ટ દ્વારા બસની મદદથી સારસા આઈ હોસ્પિટલમાં મફત ઓપરેશન માટે મોકલી આપવા વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. આ કેમ્પમાં ટ્રસ્ટના પ્રમુખ જયંતિભાઈ શાહના માર્ગદર્શન હેઠળ તમામ હોદેદારો હાજર રહ્યા હતાં.

## અવસાન નોંધ

ધનસુરા ચૌધરી સમાજના અગ્રણી ધનસુરા ગ્રા. પંચાયતના સદસ્ય અને નિવૃત્ત પ્રા. શિક્ષક નરસિંહભાઈ કાળાભાઈ પટેલનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં વિશાળ સમુદાય જોડાયો હતો.

# ભિલોડામાં નવા ભવનાથ અને જુના ભવનાથના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યું

ભિલોડા, તા.૦૨

ભાતિગળ સંસ્કૃતિમાં લોકમેળાનું પવિત્ર પાવન શ્રાવણ માસના છેલ્લા સોમવારનું વિશેષ મહત્વ જોવા મળ્યું હતું. ભાતીગળ સંસ્કૃતિના દર્શન લોકમેળાઓમાં અવશ્ય જોવા મળતા હતા. અરવલ્લી જીલ્લાના ભિલોડાના નવાભવનાથ અને જુનાભવનાથના મેળામાં હૈયે-હૈયું ભીડાય તેટલી માદવ મેદનીના ઘોડાપુર ઉમટ્યા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ વર્ષોની પરંપરા અનુસાર પવિત્ર પાવન શ્રાવણ મહિનાનો છેલ્લા સોમવારના રોજ ભુવનેશ્વર મહાદેવ મંદીરમાં દર્શનાર્થે ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હાથમતી જલાગાર,ઈન્દ્રાસી જલાગારની વચ્ચે આવેલા સ્વયંભુ ભુવનેશ્વર મહાદેવ મંદીર જુનાભવનાથ પટ્ટાંગણમાં ભાવિક ભક્તોના ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા. અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લાના હજ્જારો શિવાલયોમાં પવિત્ર પાવન શ્રાવણ માસના છેલ્લા સોમવારે વહેલી પરોઢથી ઠેર-ઠેર શિવાલયોમાં ભક્તો શિવ મંદીરમાં આરતીમાં ભાગ લઈ બીલીપત્ર, દુધ ચઢાવી ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના આશિર્વાદ મેળવવા કતારો લાગી હતી. શિવાલયોમાં



ૐ નમઃ શિવાય, બમબમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા હતા. પર્વ, ઉત્સવો, મેળાઓ ભારતીય સંસ્કૃતિના પ્રતિકો છે. આ ઉજવણીથી આનંદ તો મળે સાથે-સાથે શરીરને ઉર્જા મળવાથી સ્ફુર્તી, જોમ આવે છે. પરીણામ સ્વરૂપ શારિરીક અને માનસિક થાક પણ મેળામાં મહાલવાથી ઉતરી જતો હોય છે. ભિલોડામાં નવા ભવનાથ અને જુના ભવનાથના મેળામાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. હૈયે-હૈયુ ભીડાય તેવી માનવ મેદનીના ભિલોડાના હાર્દસમા માર્ગો ઉપર ઠેર-ઠેર કીડીયારા ઉભરાયા હતા. ભિલોડા પી.એસ.આઈ. વી. યુ. ચાવડા, પો.કો. ગોવિંદભાઈ મકવાણા ધ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

## ભિલોડામાં બ્રાહ્મણ સમાજ ધ્વારા લઘુરૂદ્ર યોજાયો

ભિલોડા, તા.૦૨

ભિલોડા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ ધ્વારા ગામના પાદરે હાથમતી નદીના કિનારે નયનરમ્ય વાતાવરણમાં શ્રી વૈજનાથ મહાદેવ મંદીર પરીસરમાં પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે લઘુરૂદ્ર યોજાયો. લઘુરૂદ્ર રંગેચંગે દબદબાભેર સંપન્ન થયો હતો.

# વડાલીમાં જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨

વડાલી ખાતે આવેલ વટપલ્લી તિર્થમાં રવિવારે સાબરકાંઠા જિલ્લાના કોંગ્રેસ સમિતિના હોદેદારોની પૂર્વ સાંસદની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષી કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં પૂર્વ સાંસદ મધુસૂદન મિસ્ત્રીએ કાર્યકરોને વાદ વિવાદ ભૂલીને સાથે મળી કામ કરવા શિખામણ આપી હતી. તેમણે ભાજપ પર જૂઠાનો આક્ષેપ કરીને જણાવ્યું હતું કે ગુજરાતનો વિકાસ માત્ર કાગળ પર જ છે. નવી યોજનાઓ કેન્દ્ર લાવે છે અને ગુજરાત સરકાર જશ ખાટવાનું કામ કરે છે. આ બેઠકમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, મણીલાલ વાઘેલા, રાજુભાઈ ઠાકોર, ડૉ. અનિલ જોષીયારા સહિત હોદેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

# પ્રાંતિજની શેરીઓમાં લુપ્ત થતી 'ભવાઈ' ધુમ મચાવી રહી છે

અત્યારના હાઈટેક યંત્ર યુગમાં લોકો માટે મનોરંજનના અનેક સાધનો ઉપલબ્ધ છે ત્યારે જૂના જમાનામાં લોકોને મનોરંજન પુરું પાડતી ભવાઈ કલાનું અસ્તિત્વ અત્યારે હાલ જોખમાયું છે. ત્યારે પ્રાંતિજ શહેરમાં ભવાઈ ભજવતા કલાકારો વિવિધ સોસાયટીમાં જઈને વેશભૂષા કરીને નાના બાળકોથી માંડીને વયોવૃદ્ધ વ્યકિતને આનંદ અપાવી રહ્યા છે. પરંતુ અત્યારના સમયમાં કલા કરતા કારીગરોને રૂપિયા તો બહુ મળતા નથી પણ બે ટંકનું ભોજન મળી રહે છે. ભવાઈનો રોલ ભજવતા રંગલા રંગલીની જોડી આજે પણ લોકોના માનસપટ પરથી ભુંસાઈ નથી. ભવાઈના કલાકાર મિત્રો આજે પણ હાઈટેક યુગમાં ભવાઈ દર્શાવીને પોતાની કલાની ઝાંખી કરાવે છે. પ્રાંતિજની વિવિધ સોસાયટીમાં આ કલા દર્શાવીને કલાકારોએ રહીશોના દિલ જીતી લીધા છે.



ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની ઉત્તરે ખેતરોની વનરાજી વચ્ચે શ્રી નિલકંઠ મહાદેવના મહંત આજીવન ફલાહાર ઉપર રહીને મહાદેવને હર હર ભોલે નાદ દ્વારા ભજી રહ્યા છે. 'એક પુશ્પં એક બિલિપત્રં, એક લોટા જલ કી ધાર, તો દયાલુ રીઝ કે દેત હૈ, ચંદ્ર મૌલિ ફલ ચાર.' શ્રાવણ માસમાં કમળ પાંદડીના માટીના આકારો દ્વારા ભવ ભવના ભેરુ એવા શિવની પાર્થ પૂજા તથા લઘુરુદ્રનું આયોજન થાય છે ત્યારે ભોળાનાથના ભકતો બિલિપત્ર દ્વારા શ્રાવણને સોહામણો બનાવે છે. નિલકંઠ મહાદેવના સાંનિધ્યમાં મહંતશ્રી તથા ભકતો દ્વારા દર પવિત્ર શ્રાવણની પૂર્ણાહુતી પ્રસંગે બ્રહ્મભોજન તથા ધૂમાડા બંધ ગામ જમાડવામાં આવે છે આ સાથે નિલકંઠ મહાદેવની પૂજામાં રત ભકતજનોને દર્શાવવામાં આવેલ છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૩૫ | ૭૦૧ |
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૪ | ૩૭૬ |
| બાજરી | ૨૨૯ | ૨૯૯ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૨૩ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૨૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૫૦ |
| બાજરી | ૨૧૫ | ૨૬૦ |
| ડાંગર નવા | ૩૦૫ | ૩૪૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૮ | ૭૧૨ |
| મકાઈ | ૩૦૦ | ૩૩૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૮૦ |
| ગવાર | ૧૦૨૫ | ૧૨૭૫ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૩ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૫ | ૨૯૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૨ |
| બાજરી | ૨૪૦ | ૨૮૮ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૮ |
| મગફળી | ૫૦૦ | ૫૫૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૮૨ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૬ | ૨૭૪ |
| ઘઉં | ૩૧૩ | ૩૧૭ |
| ડાંગર | ૨૬૫ | ૩૦૦ |
| એરંડા | ૬૯૦ | ૭૦૧ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૧૦ |
| જુવાર | ૨૪૦ | ૪૦૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૫ | ૨૭૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૦ | ૨૯૦ |

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૬૯૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૦ |
| જુવાર | ૨૩૦ | ૩૮૦ |
| રાયડો | ૫૧૦ | ૫૬૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૭૨૨ |
| એરંડા | ૭૧૮ | ૭૨૬ |
| ઘઉં | ૩૧૫ | ૩૯૨ |
| બાજરી | ૨૪૦ | ૨૮૨ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૨ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૬૧ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૬૬ |
| મકાઈ | ૩૦૦ | ૩૧૯ |
| એરંડા | ૭૦૫ | ૭૧૭ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| મગફળી | ૬૦૦ | ૭૪૯ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૧૯ |
| જુવાર | ૩૫૦ | ૩૮૦ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૨ | ૩૨૪ |
| ડાંગર | ૩૧૫ | - |
| બાજરી | ૨૫૮ | ૨૮૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૪૦ |
| એરંડા | ૬૯૫ | ૭૦૩ |
| રાયડો | ૫૯૫ | - |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૭૬૫ |
| વરીયાળી | ૮૫૦ | ૧૯૬૦ |
| ઈસબગુલ | ૧૦૩૪ | ૧૪૮૨ |
| રાયડો | ૫૯૫ | ૬૪૨ |
| તલ | ૨૧૦૦ | ૨૨૫૧ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૫૧ |
| એરંડા | ૬૯૬ | ૭૦૫ |
| બાજરી | ૨૪૦ | ૨૮૬ |
| રાયડો | ૫૯૮ | ૬૧૫ |
| ડાંગર | ૨૫૦ | ૩૨૦ |
| ગવાર | ૧૧૮૬ | ૧૩૪૬ |
| જુવાર | ૩૬૦ | ૭૦૦ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૯૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૮૫ | ૩૧૦ |
| ગવાર | ૮૫૦ | ૧૨૦૦ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૫૦ | ૨૪૦ |
| બટાટા ડીસા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૮૦૦ | ૯૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૭૫૦ | ૯૦૦ |
| રીંગણ | ૧૨૦ | ૨૬૦ |
| રવૈયા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૬૦ |
| ફુલાવર | ૨૦૦ | ૨૪૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૩૪૦ |
| દૂધી | ૮૦ | ૧૬૦ |
| કાકડી | ૧૪૦ | ૨૪૦ |
| ગીલોડા | ૨૦૦ | ૬૦૦ |
| મરચાં દેશી | ૧૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૩૬૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| બીટ | ૧૬૦ | ૨૪૦ |
| ગાજર | ૨૦૦ | ૨૬૦ |
| મરચા ધોલાર | ૫૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૬૦ | ૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૩૪૦ |
| ભીંડા | ૧૦૦ | ૨૫૦ |
| ગવાર | ૧૪૦ | ૪૦૦ |
| ચોળી | ૧૦૦ | ૨૪૦ |
| ગલકા | ૫૦ | ૧૪૦ |
| તુરીયા | ૮૦ | ૧૬૦ |
| પરવર | ૯૦૦ | ૧૦૦૦ |

## અમદાવાદ ફ્રૂટ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| સફરજન | ૫૫ | ૮૫ |
| ચીકુ | ૩૫ | ૫૫ |
| કેળા | ૧૧૭ | ૧૮૦ |
| નારંગી | ૨૫ | ૪૫ |
| મોસંબી | ૩૦ | ૪૦ |
| દાડમ | ૫૦ | ૧૦૦ |
| પપૈયા | ૧૦૫ | ૧૨૦ |
| નારિયેળ | ૯૦ | ૧૭૦ |
| પાઈનેપલ | ૨૫ | ૩૦ |
| દ્રાક્ષ લીલી | ૧૦૦ | ૧૨૦ |
| દ્રાક્ષ કાળી | ૧૦૦ | ૧૪૦ |
| ટેટી | ૨૦ | ૩૦ |
| આલુચા | ૧૫૫ | ૨૧૦ |
| ખારેક | ૪૫ | ૫૫ |
| તડબુચ | ૧૫ | ૨૦ |
| નાસ્પતિ | ૨૦ | ૩૦ |
| પીચ | ૪૦ | ૬૦ |

## અ'વાદ સોના-ચાંદી બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| ચાંદી ચોરસા | ૫૨૪૦૦ | ૫૨૮૦૦ |
| રૂપુ | ૫૨૨૦૦ | ૫૨૬૦૦ |
| સિક્કાજૂના(નંગ) | ૮૦૦ | ૯૦૦ |
| સિક્કાનવા(નંગ) | ૩૦૦ | ૪૦૦ |
| સોનું (૯૯.૯) | ૩૦૮૦૦ | ૩૧૦૦૦ |
| સોનું (૯૯.૫) | ૩૦૬૦૦ | ૩૦૮૦૦ |
| નવા દાગીના | ૨૯૭૬૦ | - |
| હોલમાર્ક | ૩૦૩૮૦ | - |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન